## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**તુ નાહકની ચિંતા કરી ટાઈમ બગાડે છે... હું પહેલા પેલી પાર્ટીમાં હતો... પછી બીજીમાં હતો હવે ફરીથી પહેલી પાર્ટીમાં છું... તો તારા જીવનમાં કાંઈ ફેર આવ્યો...?**

# હોસ્પિટલની ઓપીડી બિલ્ડીંગમાં વરસાદી પાણી પડતાં દર્દીઓ ભીંજાયા

પાટનગરની હોસ્પિટલ નિર્માણ પાછળ તંત્ર દ્વારા કરોડો રૂપીયાનો ખર્ચે કરવામાં આવ્યો છે. પરંતુ હોસ્પિટલમાં સમસ્યાઓમાં વધારો થતો જોવા મળે છે. ત્યારે આજે વરસાદનું પાણી ઓપીડી બિલ્ડીંગમાં ઉતરતા દર્દથી કણસતા દર્દીઓના માથે પડતા દર્દીઓને ભીંજાવાનો વારો આવ્યો હતો. ત્યારે વરસાદી પાણીનો ભરાવો ના થાય તે માટે સફાઈ કર્ચમારીઓ સતત પાણીની સફાઈ કરતા નજરે પડતા હતા. જેથી દર્દીઓ પણ હોસ્પિટલ નિર્માણ પાછળ ખર્ચ કરાયેલ કરોડો રૂપીયા પાણીમાં ગયા હોય તેવું લાગી રહ્યું છે તેવી ચર્ચા કરતા હતા.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આધુનિકીકરણ પાછળ તંત્ર દ્વારા કરોડો રૂપીયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પાંચ માળની આધુનિક ઓપીડી અને આઠમાળની દર્દીઓને ઈન્ડોર સારવાર આપવા માટેની ઈમારત તૈયાર કરાઈ છે. જેમાં દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં પણ વધારો થવા પામ્યો છે. પરંતુ આધુનિક બિલ્ડીંગમાં વરસાદી પાણી સતત ટપકતા હોસ્પિટલમાં આવતા દર્દીઓ પણ જોતા રહે છે. ઈન્ડોર બિલ્ડીંગમાં તો વગર વરસાદે પણ પાણી ટપકતા હોય છે ત્યારે વરસાદમાં ઓપીડી બિલ્ડીંગમાં પાણી ભરાતા સફાઈ કર્મચારીઓને સફાઈ માટે કામે લગાડી દેવામાં આવ્યા હતા. પરંતુ ઓપીડી બિલ્ડીંગમાં પાણી આવતા નીચે ભોંયરામાં આવેલ એમઆરડી વિભાગમાં પાણી ના ઘુસી જાય તેની દરકાર રાખવી અનિવાર્ય છે. તેવા સંજોગોમાં પાણી કયાંથી આવે છે તે માટે પીઆઈયુ વિભાગને જાણ કરવામાં આવી છે. પીઆઈયુ વિભાગના તંત્ર દ્વારા વરસાદી પાણી કયાંથી આવે છે તે ચેક કરીને મરામતની કામગીરી હાથ ધરવામાં આવશે. પરંતુ વરસાદમાં દર્દથી કણસી રહેલા દર્દીઓને પણ દવાની જગ્યાએ વરસાદી પાણીમાં ભીંજાવાનો વારો આવ્યો હતો.

# સેક્ટર- ૪ના યુવાનનું સ્વાઈન ફ્લુથી મોત

ગાંધીનગર, તા. ૨૨

સેક્ટર- ૪નો સ્વાઈન ફ્લુમાં પટકાયેલ યુવાનનું આજે મૃત્યુ થતાં સમગ્ર સેક્ટરમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

આ યુવાનને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ. જ્યાં તે વેન્ટીલેટર પર સારવાર હેઠળ હતો. આજે સારવાર દરમ્યાન યુવાનનું મૃત્યુ થતાં સેક્ટરમાં આ સમાચાર વાયુવેગે પ્રસરી ગયા હતા.

ગાંધીનગર શહેરમાં અત્યાર સુધીમાં સ્વાઈન ફ્લુના ૪ કેસ નોંધાયા છે. સ્વાઈન ફ્લુથી શહેરમાં યુવાનનું મોત થતાં સે. ૪માં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. સ્વાઈન ફ્લુથી શહેરમાં આ વર્ષે પહેલુ મૃત્યુ નોંધાયુ છે.

# બાપુએ સરકારી કાર જમા કરાવી દીધી

ગાંધીનગર, તા. ૨૨

ગઈકાલે વિપક્ષના નેતાપદ સહિત કોંગ્રેસના તમામ પદો પરથી રાજીનામુ આપી રામ રામ કરનાર શંકરસિંહ વાઘેલાએ તેમને મળેલ સરકારી કાર સરકારમાં જમા કરાવી દીધી છે.

આજે સવારે તેમણે તેમની સરકારી કાર જી.ટી.એસ.માં જમા કરાવી દીધી હતી. દરમ્યાન ૧૫મી ઓગષ્ટ પછી અમદાવાદમાં જનચેતના સભા તેઓ કરવાના છે તેવી કોઈ વાત સાચી નહિ હોવાનું તેમના કાર્યાલયના નિખીલ દેસાઈએ આજે સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે.

# એસએસવીના રસ્તાખેંચના પાંચ ખેલાડીઓની રાજ્યકક્ષાએ પસંદગી

ગાંધીનગર જિલ્લા રમત-ગમત કચેરી દ્વારા શાળાકીય સ્પર્ધાઓનું આયોજન કરાયું હતું તે અંતર્ગત રસ્તાખેંચની સ્પર્ધા તાજેતરમાં સેક્ટર-૧૬માં મહાત્મા ગાંધી સ્કૂલમાં યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં જિલ્લાની અનેક શાળાઓએ ભાગ લીધો હતો. સેક્ટર-૩ની એસએસવી કેમ્પસના વિદ્યાર્થીઓની અન્ડર-૧૯ની ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતા દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ટીમના પાંચ વિદ્યાર્થીઓના ઉત્કૃષ્ઠ પ્રદર્શનને પરિણામે તેમની રાજ્યકક્ષાએ પસંદગી થતાં શાળામાં આનંદની લહેર ફરી વળી છે.



વિસરાતી વાનગી : ભારત વિકાસ પરિષદની મહિલા પાંખ દ્વારા શનિવારની સાંજે અનોખી સ્પર્ધા યોજાઈ હતી. સમાજજીવનમાંથી ભૂલાતી અને ભુસાતી ભારતીય વાનગીઓની સ્પર્ધા યોજાઈ હતી. મીઠાઈ અને ફરસાણ જેવા અલગ -અલગ વિભાગોમાં કુલ ૬૬ મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સ્પર્ધાને સફળ બનાવી હતી. બાજરીની બરફીથી લઈ ખીચડા જેવી ગ્રામીણ સંસ્કૃતિની વાનગીઓથી છલકાયેલી આ સ્પર્ધાએ પરંપરાને જીવંત બનાવી હતી.

# કલોલની એક ખાનગી કંપનીને સ્વચ્છતાના મુદ્દે આરોગ્યતંત્રની નોટીસ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં ભારે વરસાદને પગલે હરકતમાં આવેલ આરોગ્યતંત્રએ તલાટીઓને એક પત્ર લખી રોગચાળા અટકાયતની કામગીરી કરવા માટે જરૂરી પગલાં લેવા જણાવ્યું છે. નવથી પણ વધારે સૂચનાઓ સાથેના આ પત્રમાં તલાટીઓએ ગ્રામ્યસતરે લેવાયોગ્ય પગલાંઓની જાણકારી તેમજ આરોગ્ય વિભાગ સાથે સંકલનમાં રહેવા માટે જણાવાયું છે.

દરમ્યાન આરોગ્યતંત્રએ ભોંયણ-ખાત્રજ રોડ પર આવેલ ગુજરાત ડ્રાયસ્ટફ પ્રા.લિ.ને નોટીસ આપી કંપનીના કમ્પાઉન્ડમાં સ્વચ્છતા વિષયક પગલાં ભરવા માટે તેમજ પાણીના હોજને ઢાંકણ નથી તે લગાવવા અને કેન્ટીનના ખાદ્યપદાર્થોની ગુણવત્તા જાળવવા માટે કડક તાકીદ કરી છે.

કલોલ તાલુકા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે કે તાલુકામાં આરોગ્ય વિષયક બાબતો પર સતર્ક બની પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા પણ તમામ મેડીકલ ઓફિસરોને જણાવવામાં આવ્યું છે.

# વરસાદી મૌસમમાં શહેરમાં ચા નાસ્તાની લારીઓ પર ભારે તડાકો

### ચા-દાળવડાની લારીઓ પર બપોર સુધીમાં પાટીયા પડી ગયા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં વરસાદનો બીજો રાઉન્ડ શરુ થયો છે. શનિ-રવિની રજા હોવાથી કર્મચારીઓ રજાના મુડમાં હતા. ત્યારે સવારથી જ મેઘરાજા મનમુકીને વરસતા નગરને ઘમરોળી દીધુ હતું. શહેરના માર્ગો તેમજ સેકટરના આંતરીક માર્ગો પાણીમાં ગરકાવ થયા હતા. નાના બાળકોથી લઈ સૌ કોઈ વરસાદી મૌસમની મજા માણતા હતા.ત્યારે વરસાદી સિઝનમાં વરસતા વરસાદમાં ગરમા-ગરમ ચા અને નાસ્તાની જયાફત માણવા નગરજનો વાહનો લઈને નીકળી પડ્યા હતા. શહેરમાં આવેલ દાળવડાની તેમજ ગોટાની લારીઓ પર ગ્રાહકોની ભારે ભીડ જામી હતી. શહેરના ચટુકડા નગરજનોએ વરસતા વરસાદમાં ચા ની ચુસકી સાથે દાળવડાની લિજ્જત માણી હતી. શહેરના સેકટર-૧૭, સે-૭, ઘ-૪, સે-૧૭-૨૨, પથિકાશ્રમ ડેપો, સહિત જાણીતી રેસ્ટોરન્ટમાં દાળવડા, ગોટા, પાપડી, ચોળાફળી, ભજીયા, સમોસા,કચોરીના નાસ્તા માટે એકથી બીજી જગ્યાએ નાગરીકોને દોડ લગાવવી પડી હતી. સવારથી જ વરસાદી મૌસમ હોવાથી દાળવડાની લારીઓ પર ભારે ભીડ હોવાથી બપોર સુધીમાં લારીઓના પાટીયા પડી ગયા હતા. વેપારીઓ બપોર બાદ લારીઓ બંધ કરીને ઘર ભેગા થઈ ગયા હતા.

# ગાંધીનગર જિલ્લામાં ૨૭ જુલાઈથી ૫ ઓગષ્ટ દરમિયાન નર્મદા મહોત્સવની ઉજવણી કરાશે

### મા નર્મદા રથ જિલ્લાના ૧૫૯ ગામોમાં ફરશે : ૨૭ જુલાઈના રોજ ઉનાવા ગામથી મા નર્મદા રથનું પ્રસ્થાન થશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં ૨૭ જુલાઈથી તા.૫ ઓગષ્ટ દરમ્યાન મા નર્મદા મહોત્સવ યોજાશે. મા નર્મદા મહોત્સવના રથનું પ્રસ્થાન ૨૭મી જુલાઈ, ૨૦૧૭ના રોજ ઉનાવા ગામથી કરવામાં આવશે.

ગાંધીનગર મા નર્મદા મહોત્સવની ઉજવણીનું સુચારું આયોજન માટે એક બેઠક જિલ્લા કલેકટર ડી.પી. દેસાઈના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં કલેકટર ડી.પી. દેસાઈએ જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં મા નર્મદા મહોત્સવની ઉજવણી કરવા માટે બે રથોનું નિર્માણ કરવામાં આવશે. આ બન્ને રથો ગાંધીનગર જિલ્લાના ૧૫૯ ગામોમાં ફરશે. રથ સવારના ૮ વાગ્યાથી એક ગામમાંથી પ્રસ્થાન કરશે. દિવસ દરમ્યાન ૮ થી ૯ ગામોમાં ફરશે. જે ગામમાં જશે, ત્યાં રથનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવશે. સાંજના જે ગામમાં રથ રોકાશે. તે ગામમાં સાંસ્કૃતિ કાર્યક્રમ યોજાશે. રથને એક ગામથી બીજા ગામ મુકવા માટે પ્રથમ ગામના યુવાનો સાયકલ કે બાઈક રેલી કાઢી આગળ જશે. પાછળ રથ આવશે. રથના આગમન પહેલા ગામમાં રથ સ્વાગતનો માહોલ ઉભો થાય તે માટે મનોરંજનના કાર્યક્રમ યોજાશે. રથમાં મા નર્મદા મૈયાની પ્રતિકૃતિ, અને ડેમની પ્રતિકૃતિ તેમજ નર્મદા યોજનાની માહિતી આપતી સી.ડી દર્શાવવા માટે એક સ્કીન પણ હશે.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર એચ.એમ. જાડેજાએ આદર્શ કાર્યપદ્ધતિને કેવી રીતે અનુસરવાની છે, તેની વિસ્તૃત સમજ આપી હતી. સર્વે અધિકારીઓને આ કાર્યક્રમમાં સોપેલ કામગીરીમાં સક્રિય ભૂમિકા અદા કરવા પણ અપીલ કરી હતી.




# માણસામાં સવાલાખ પંચમુખી રુદ્રાક્ષના શિવલિંગના દર્શન યોજાશે

### સમગ્ર પવિત્ર શ્રાવણમાસ દરમ્યાન દર્શન કરી શકાશે : શિવલિંગની ઊંચાઈ ૧૦ ફૂટ : ૪૦ હજારથી વધુ શ્રદ્ધાળુઓ દર્શનનો લાભ લેશે : દર સોમવારે લોકમેળા સાથે મહાઆરતીનું આયોજન

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના માણસા ખાતેના આનંદીમાના વડલે પવિત્ર શ્રાવણ માસને અનુલક્ષીને સવાલાખ પંચમુખી રૂદ્રાક્ષના ભવ્યાતિભવ્ય શિવલિંગના દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. ગત વર્ષની જેમ આ વર્ષે પણ અહીં ૧૦ ફૂટ ઊંચા શિવલિંગનું નિર્માણ કરાયું છે. જેનો આશરે ૪૦ હજારથી વધુ શ્રદ્ધાળુઓ દર્શનનો લ્હાવો ઉઠાવશે.

માણસા ખાતે શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આનંદીમાના વડલે ગત વર્ષથી પવિત્ર શ્રાવણ માસમાં સવાલાખ પંચમુખી રૂદ્રાક્ષના શિવલિંગના દર્શનનો પ્રારંભ કરાયો છે. આનંદીમાના વડલે સ્થિત મા પાલઈ વિઘ્નેશ્વરી ધામ અને કવિ કમ્બોઈ તિર્થમાં આવેલ સ્તંભેશ્વર મહાદેવમાં પૂ. વિદ્યાનંદ મહારાજની નિશ્રામાં દસ ફૂટ ઊંચા શિવલિંગનું નિર્માણ કરવામાં આવ્યું છે.

ગત વર્ષે ૪૦ હજાર જેટલા શ્રદ્ધાળુઓએ દર્શનનો લ્હાવો લીધો હતો તે જોતા આ વર્ષે તેમાં વધારો થવાની શક્યતા છે. તા. ૨૪મીથી પ્રારંભ થતા સમગ્ર પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન શ્રદ્ધાળુઓ આ શિવલિંગના દર્શન કરી શકશે. સતત એક મહિના સુધી ચાલનારા આ અનોખા પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે તેવું સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસે જણાવ્યું છે. દર સોમવારે અત્રે સ્તંભેશ્વર મહાદેવની ૭૫૧ દિવડાંની મહાઆરતી પણ યોજાશે તથા આનંદમેળા દ્વારા લોકમેળાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# રતનપુર લાટ પ્રાથમિક શાળા ખાતે બાળસંસદની ચૂંટણી ઉત્સાહપૂર્વક યોજાઈ

તાલુકાની મગોડી લાટ ગામે આવેલ રતનપુર લાટની પ્રા. શાળા ખાતે બાળ સંસદની ચૂંટણી એક અનોખી પદ્ધતિથી શાળાના બાળકોએ ખૂબ ઉત્સાહપૂર્વક કામગીરી સંભાળી સંપન્ન કરી હતી. શાળામાં સમગ્ર ચૂંટણીમાં શરૂથી અંત સુધી બાળકોએ બાળસંસદની ચૂંટણીમાં જાહેરનામુ, ઉમેદવારીપત્રો, ચકાસણી, માન્ય ઉમેદવારો, મતદારયાદી, મતદાનની તારીખ, સમય, મતગણતરી, પ્રિસાઈન્ડીંગ ઓફિસર, મહિલા પોલીસ એજન્ટ, પ્રથમ અને બીજા મતદાન અધિકારી, મતકુટિર વગેરે દ્વારા નિયમોનુસાર ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમાં પાંચ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું ત્યારે શાળાના કુલ ૫૩ બાળકોએ મતનો ઉપયોગ કરી ૧૦૦ ટકા મતદાન કરી ફરજિયાત મતદાન કરવું જોઈએ તેવો શુભ સંદેશો પાઠવ્યો હતો. ચૂંટણીમાં પાંચ ઉમેદવારો વિજયી બન્યા બાદ તેમની મહામંત્રી, પ્રાર્થનામંત્રી, મધ્યાહન ભોજન મંત્રી, આરોગ્યમંત્રી તથા સ્વચ્છતામંત્રી તરીકેની નિમણુંક કરતાં શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા. આ ચૂંટણીમાં બાળકોએ ગુપ્ત રીતે પ્રચારકાર્યને ખુબ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર ચૂંટણી પ્રક્રિયાનું સંચાલન અને માર્ગદર્શન શાળાના આચાર્ય અશોકભાઈ વી. પટેલની દેખરેખ હેઠળ યોજાયું હતું.

**ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.**

મધુર ડેરી, 'ક' રોડ, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૪.
ફોન નં. : (૦૭૯) ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૩૨૮૭૧૪૦

**ટેન્ડર નોટીસ - સિક્યોરીટી કોન્ટ્રાક્ટ આપવાનો છે**

આથી સિક્યોરીટી કોન્ટ્રાક્ટના કામના અનુભવી લેબર કોન્ટ્રાક્ટ લાયસન્સ, પ્રો. ફંડ તથા કામદાર વીમા યોજના નંબર (ઈ.એસ.આઈ.), ૨.જી.. રજીસ્ટ્રેશન નંબર, સર્વિસ ટેક્ષ નંબર અને પાનકાર્ડ ધરાવતા સિક્યોરીટી કોન્ટ્રાક્ટરોને જણાવવામાં આવે છે કે, મધુર ડેરી, ગાંધીનગર ખાતેની સિક્યોરીટી કામગીરી અંગેનો કોન્ટ્રાક્ટ તા. ૧-૮-૨૦૧૭થી ત્રણ વર્ષ માટે આપવાનો છે. સદર કામનો કોન્ટ્રાક્ટ રાખવા ઈચ્છતા હોય તેમણે આ જાહેરાત પ્રસિદ્ધ થયેથી તા. ૨૭-૭-૨૦૧૭ના રોજ બપોરના ૧૫.૦૦ કલાક સુધીમાં રૂબરૂમાં ટેન્ડર ફોર્મ સંઘના હિસાબ વિભાગમાં રૂ. ૧૦૦૦/- (અંકે રૂ. એક હજાર નોન-રીફંડેબલ) રોકડા ભરીને મેળવી સાથે ભાવ / ઓફર આપવાની રહેશે. ભરેલ ટેન્ડર સીલબંધ કવરમાં રૂ. ૫૦,૦૦૦/- (અંકે રૂ. પચાસ હજાર નોન-રીફંડેબલ) ટેન્ડર જીપોઝીટના ઉપરોક્ત સંસ્થાના નામનો ડી.ડી. સાથે રૂબરૂમાં તા. ૨૮-૭-૨૦૧૭ના રોજ બપોર ૧૨.૦૦ કલાક સુધીમાં સંઘની ઓફિસે સીલબંધ કવર ઉપર 'સિક્યોરીટી કોન્ટ્રાક્ટ ટેન્ડર' લખીને પહોંચાડવાનું રહેશે. કોઈપણ ટેન્ડર / ઓફર / ભાવ મંજુર યા ના મંજુર કરવાનો અબાધિત અધિકાર સંઘના મેનેજિંગ ડીરેક્ટરશ્રીનો રહેશે.

**મેનેજિંગ ડીરેક્ટર**